# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ન ગમતાં નિવેદનો હવે સહેવાં પડશે!
રાત ને દિ', દિવસને રાત કહેવાં પડશે!
ચાહવાં પડશે શરીફનાં સગલાં-આતંકી,
સત્તા ની ભૂખે, પરાણે મૌન રાખવાં પડશે!!

## હાઈકુ

છે પદ માટે
પક્ષમાં, 'આપ' - 'આપ'
ની ખેંચતાણ!!
(અરવિંદ મોદીવાલ!)

મૃત શરીર
બદલાય છે મ્હોરાં -
પૂરે ન પ્રાણ..
(કોંગી પ્રમુખ બદલ્યા)

## ચિંતન

**અધમ બાધતે ભૂયો દુખવેગો ન તૂત્તમમ્ । પાદ દ્વયં રૂજત્યા શુ શીત સ્પર્શો ન ચક્ષુષી ॥**

દુખની અનુભૂતિ-પીડા-વેગ અધમ વ્યક્તિ, (જેમાં સહનશીલતાનો અભાવ છે સારા સંસ્કાર નથી) તેને વધારે પીડાજનક લાગે છે. દુખદાયક બને છે પરંતુ એ જ કષ્ટ પીડા ઉત્તમ, સહનશીલ-સંસ્કારી લોકોને એ એટલો કષ્ટદાયક જણાતો નથી. જેમ કે ટાઢ, ઠંડીની અનુભૂતિ પગ અને આગળીઓને વધારે પીડે છે. તે ઠુંઠવાઇને લાકડાં જેવી થઇ જાય છે પણ આંખ જે ઉચ્ચ સ્થળે અને મૂલ્યવાન છે તેને કોઇ પણ જાતની પીડા થતી નથી. અથવા તે સહન કરી લે છે.

જે માણસમાં સમજ ઓછી છે તે જ્ઞાનના સંસ્કાર નથી તેમનામાં અલ્પવિચાર શક્તિને કારણે ધૈર્ય પણ ઓછું હોય છે પરિણામે કપરા-કસોટી-કાળમાં એ માનસિક સમતુલા ગુમાવી બેસે છે અને થોડુંક દુઃખ પણ તેમને માટે અસહ્ય થઇ પડે છે.

પરંતુ સ્થિર બુદ્ધિ, ધીરજવાન, જ્ઞાનીને કોઇ પણ પરિસ્થિતિ ડગાવી નથી શકતી.

## સુવિચાર

- તમારે જીંદગીને આપતાં રહેવાનું છે, કશુંક ઉમેરતાં જવાનું છે, કારણ કે તમારી જીંદગીએ ભગવાનની થાપણ છે - એસ. ભટ્ટાચાર્ય
- એક તત્ત્વચિંતકને કોઇએ પ્રશ્ન કર્યો.. જીવનનો અર્થ શો? તત્ત્વચિંતકે જવાબ આપ્યો : જીવન નો અર્થ.. આ પૃથ્વી પર ઇશ્વરે મોકલેલા ખાસદૂતનાં ગૌરવથી જીવવું, એવું જીવવું કે કોઇક બીજા માણસને આપણી જેમ જીવવાનું મન થાય - જનકલ્યાણ
- એકાગ્રતા વગરનું પ્રભુસ્મરણ બહુ બહુ તો પ્રભુના દરબારી સાથે મુલાકાત કરાવી આપશે.. પ્રભુ સાથે નહીં - સંત ફ્રાન્સીસ
- ભેદ એટલે જ વિષમતા અને વિષમતા એટલે જ વેદના. અભેદમાં કેવળ આનંદ છે, ભેદમાં ભય છે, પીડા છે, ભેદ એટલે દિવાલ - જે. કૃષ્ણમૂર્તિ
- આપણે ભગવાનને શાસ્ત્રોમાં શોધીશું, ગુરુઓનાં ચરણમાં પડીશું, પરંતુ ભીંતરમાં બેઠેલાં પરમ આત્મ તત્ત્વને શોધવાની તસ્દી નહિં લઇએ કારણ કે આપણા ચિત્તને પરિઘનો અનુભવ છે, કેન્દ્રનો નહિં - રાજચંદ્ર
- દ્વેષની હાજરીમાં માણસ માત્ર જીવતો દેખાય છે, જયારે પ્રેમની હાજરીમાં માણસ 'જીવંત' બને છે - સંતરામ
- જે માણસ પ્રેમમાંથી અપેક્ષાનું ઝેર કાઢી નાખે છે એને હંમેશા પ્રેમના અમૃતનો અનુભવ થાય છે, જીવવું એટલે ચાહવું - ડો. ચન્દ્રકાન્ત મહેતા

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

મહાન આઇરિસ લેખક જયોર્જ બર્નાડ શો સાહિત્ય અને સૌંદર્યના જબ્બર શોખીન હતા. તેમની હાસ્યવૃત્તિ અને હાજર જવાબીપણું પણ વિશ્વ વિખ્યાત છે. શો સૌંદર્યપ્રેમી તો હતા જ પણ એનું મહત્ત્વ સમજી એની કદર અને સન્માન પણ કરતા.

એમનાં આગણામાં સુંદર સુગંધિત ફૂલોના કેટલાય છોડ હતા જેથી રાત-દિવસ એમના ઘર-ઓફિસના ઓરડા મહેકતા રહેતા એટલું જ નહીં આસપાસના પડોશીઓને પણ એનો લાભ મળતો.

એકવાર એક મૂલાકાતી આવ્યો. બર્નાડ શોનાં સૌંદર્યપ્રેમ વિશે તે માહિતગાર હતો. પરંતુ જયારે બર્નાડ શોની ઓફિસમાં દાખલ થયો ત્યારે જોયું તો માત્ર પુસ્તકોનો એક ઘોડો અને ટેબલ-ખુરશી સિવાય કંઇ જ સૌંદર્યલક્ષી ચિત્રો-સાધનો કે સજાવટ જોયાં નહીં! એટલે એણે હિંમત કરી પૂછી જ નાખ્યું. અરે! સાહેબ! મેં આપના સૌંદર્ય પ્રેમ વિશે ખૂબ સાંભળ્યું હતું - પરંતુ તમારી ઓફિસ આવી સાદી? તમારાં આંગણામાં જ કેટલાં સુંદર ફૂલો થાય છે એનો 'બૂકે' બનાવી ટેબલ પર મૂકતાં હો તો? શું તમને ફૂલો નથી ગમતાં?

બર્નાડે - સ્મિત સાથે ટૂંકો જવાબ આપ્યો. એમ તો મને બાળકો પણ ખૂબ ગમે છે તો શું એનાં માથાં વાઢી ટેબલ પર મૂકું??

Email - sureshchandrabhatt18@gmail.com

# પ્રેમનો પારિવારિક ચતુષ્કોણ...!! ફૉરેન એજ્યુકેશનની ફ્રી મેન્ટાલિટી...!!

## કોઇ નહીં આપે તને સાથ એવું માનીને ચાલ, અહીં બધા પોતાનામાં મશગુલ છે જિંદગીની એક સોનેરી શિખામણ છે, તારે જ પડવાનું તારે જ સંભાળવાનું છે

'બાય, પપ્પા ટેક કેર...' કહી સજળનેત્રે સરજુ અમેરિકાની ફલાઇટમાં ચઢી ગઇ...

પાંચમી જાન્યુઆરી ૨૦૧૪, ડૉ. સરજુ એમ.એસ. કરવા અમેરિકાની ડ્રીમ યુનિવર્સિટીના માર્ગે રવાના થઇ...

સરજુના પપ્પા ડૉ. જીજ્ઞેશના બાય કરવા ઉચકાયેલો હાથ હવામાં જ સ્ટેચ્યુ થઇને ઊભો હતો. જમણી આંખમાં હર્ષના અશ્રુની ધારા હતી તો ડાબી આંખમાં દીકરીને દૂર કર્યાથી દઝાયેલા ગરમ અશ્રુ વહી રહ્યાં હતા...

એરપોર્ટ પરથી પાછી ફરી રહેલી હોન્ડા સીટી કારમાં ડૉ. સરજુના મમ્મી નિરાલી. બહેન તોશાલી અને ડૉ. જીજ્ઞેશ બધાં જ ખામોશ અને પોતપોતાના વિચારોમાં મગ્ન હતા. મજાક-મસ્તીથી ટેવાયેલી કાર પર ડૉ. સરજુનોખાલીપો અનુભવતા. 'તેરી દુનિયા સે દૂર ચલે હો કે મજબૂર જરા યાદ રખના' જેવા સેડ સોંગ રેલાવતી હતી અને એની ગતિ પણ બોજીલ વાતાવરણથી ધીમી પડી ગયેલી...

નિરાલીને આજેય હજી ગયા વર્ષનો એ દિવસ બરાબર યાદ છે. દીકરી ડૉ. સરજુને એમ.એસ. કરવા માટે મિશિગન યુનિવર્સિટીમાંથી લેટર મળ્યો હતો. મમ્મી એકદમ ખુશખુશાલ થઇ ગયેલી. પપ્પા ડૉ. જીજ્ઞેશે અમેરિકાના વિઝા માટે દોડધામ શરૂ કરી. પરિવારમાં પપ્પાનો રોલ આમેય ઓછું બોલી વધુ જવાબદારી લેવાનો હોય છે. અમેરિકાના વિઝા મેળવવા એટલે દૂધમાંથી મથીને ઘી તારવવા જેવી મહેનતું કામ...!

વ્યવસાયે એનેસ્થેટિક એવાં ડૉ. જીજ્ઞેશે દીકરીના ડ્રીમ માટે પોતાના અતિ જવાબદારી ભર્યા અને વ્યસ્ત શિડ્યુઅલ વચ્ચે દીકરીની તમન્ના પુરી કરવા બધાં ડોક્યુમેન્ટ ભેગા કરી, મુંબઇ વિઝાની લાઇનમાં ઊભાં રહી ગયા... ડિસેમ્બરનું છેલ્લું અઠવાડિયું એટલે યુરોપીયન લોકોનું ક્રિસમસ અને ન્યૂ યરની ધમાલ, મૂડ એકદમ જોરદાર...



Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત
hellogandhinagar@gmail.com

'પ્લીઝ સ્ટ્ડી વેલ, યૉર ડ્રીમ મે કમ ટ્રુ, વિશ યુ ઑલ ધ બેસ્ટ' જેવાં વાક્ય સાથે ગોરા અધિકારીએ વિઝાનો સિક્કો મારી દીધો... બાપ-દીકરી બંને માટે આકાશ બે દૂટ દૂર રહી ગયું. ખુશીથી બંને ભેટી પડ્યાં...

ડૉ. સરજુએ ગયા વર્ષે ફિજીયોથેરાપીમાં ડૉકટેટ કર્યું. નવરાત્રીના ગરબામાં એકધાર્યા ગરબા રમી ઇનામો જીતતી સરજુને જયારે થોડા માર્કના શોર્ટફોલને કારણે એમ.બી.બી.એસ.માં પ્રવેશ ન મળ્યો ત્યારે એ અપસેટ થયેલી... પપ્પાએ ધરપત આપી, એમ.એસ. અમેરિકાથી કરી તારો વસવસો દૂર કરી દઇશું.... આજે એ ક્ષણ આવીને ઊભી હતી એ વિઝા મળ્યાથી ખુશીના આત્મસંતોષ ભર્યા પપ્પાના ચહેરાને તાકી રહેલી. વિચારતી હતી પપ્પા ગ્રેટ હોય છે, બાળકોની ખુશાલીમાં પોતે ઘસાઇ જાય છે પણ બાળકો પોતાની ઉછળકૂટ અને યુવાનીની મસ્તીમાં જોઇ શકતાં નથી!



શતાબ્દી ટ્રેન મુંબઇથી અમદાવાદ પહોંચવા ઉતાવળ કરી હતી એને સરજુની ખુશાલીનો સાક્ષાત્કાર નિરાલી અને તોશાલીને કરાવ્યો હતો. હવે ડૉ. જીજ્ઞેશ ગંભીર હતા. વિઝા મળ્યા એટલે દીકરી નક્કી જશે જ. બંને દીકરીઓ, રાત્રે કયારેય કોઇના ત્યાં રોકાયેલી નહીં. અને આજે ડાયરેકટ અમેરિકા જશે. મિત્રનું ઘર છે. ચિંતાનું કોઇ કારણ નથી. પણ સરજુનો નિર્ધાર અને ધ્યેય પાક્કા છે. વાંધો નહીં આવે... એમનું મનોમંથન ચાલતું હતું... યસ, બંને ઘેર આવ્યાં અને મમ્મી અને બહેન બાઝી પડ્યા, ખુશાલીની અશ્રુધારા ત્રણેયની આંખમાં હતી. પપ્પા માત્ર અદબ વાલી મલકાતે ચહેરે જોઇ રહ્યાં...

૨૦૧૫ના નવા વર્ષનો સૂરજ ટોપલો ભરી ખુશાલી લાવ્યો હતો. એમના પરિવાર માટે, અને મળવા આવનારની શુભેચ્છાની ભીડ જામવા લાગી... ટોપલો ભરી ગિફ્ટ અને ચોકલેટ પણ... પ્રેમનો એ પારિવારિક ચતુષ્કોણ ભર્યો ભર્યો બન્યો. અમેરિકાની તૈયારી અને મહેમાનોની આગતા સ્વાગતામાં ખુશીનાં દિવસો ઝાકળની જેમ ઉડી ગયા અને ફોરેન એજ્યુકેશન માટે દીકરીને વળાવી ઉદાસ ત્રિકોણ જેવા ત્રણેય ઘરે પાછાં ફર્યા, ગાડી અટકી અને બધાંના વિચાર પણ...

ચતુષ્કોણનો એક ખૂણો ખાલી થયો, થોડો દૂર થયો હતો. સરજુ અમેરિકા પહોંચી હવે ફોન કોલ્સ, સ્કાઇપ, ફેસટાઇપ પર વાતચીત શરૂ થઇ. વીડિયો કોલીંગમાં એનો ચહેરો જોઇ પરિવાર રાજી થયો. ઘરમાં હવે ધીમે ધીમે પરિસ્થિતિ નોર્મલ બનતી હતી. ડૉ. કામે લાગ્યા અને દીકરી ભણવામાં.... મમ્મી નિરાલીને સરજુની નાની નાની વાતો યાદ આવતી હતી. એમની દીકરી હવે 'જવાબદાર' બની રહી હતી. કોઇ પણ નકાર ન કરતા એ પરિસ્થિતિ સાથે પોતાને સેટલ કરતી હતી.

સરજુ ભણવાનું, ઘરકામ અને થોડો સમય નોકરી કરી પોતે પોતાના પગ પર ઊભી થઇ રહી હતી... સરજુ ચા ખુબ સરસ બનાવતી, નિરાલીના હાથમાં ચાનો કપ હતો, પણ આ ચા તો સરજુના ચા સામે ટેસ્ટલેસ હતો. કારણ આમાં સરજુની મીઠાશ ગાયબ હતી... નિરાલીના પરિવારમાંથી પહેલાં કયારેય કોઇ અમેરિકા ગયેલું નહોતું, સરજુ બે વર્ષ ત્યાં રહી શકશે? તમને એકલાં ફાવશે? બીજી દીકરીને પણ ભણવાં ફોરેન મોકલશો? જેવાં પ્રશ્નોના જવાબ નિરાલીને આપવાં પડેલાં. છોકરીના ભેદનો ભાવ જરાય મનમાં ન લાવતાં મમ્મી નિરાલીએ એની બેગ પેક કરેલી... એમાં એક મહાદેવનો ફોટો મુકેલો... નિરાલીને ખબર હતી કે શ્રદ્ધા પણ કે ભોળાનો ભગવાન શંકર છે અને એ મારી ભોળી દીકરીને સાચવશે...

સરજુની બહેન તોશાલી, કાયમ બંને મસ્તીથી ઘર માથે લેતાં. તોશાલીને તો જાણે પોતાની દીદી-મિત્ર જતાં વધુ ડાહી ડમરી બની ગઇ. બંને બહેન વચ્ચે આઠ વર્ષનો સમયગાળો અને એ પરિપકવતાનો અહેસાસ આજે તોશાલીને થયો હતો.... સરજુને ડાયરી લખવાની ટેવ હતી. એને પપ્પા અને દાદાની જેમ ગુજરાતી સાહિત્યનું વળગણ હતું... સરજુના પપ્પાના હાથે એની ડાયરી આવેલી, એમને બે-ચાર પાના ઉથલાવતાં જ એક વાક્ય પર અટકી ગયા... 'તોશાલીની હું બીજી મમ્મી છું...' એમને દીકરીની સમજદારી પર ગર્વ થયો...

રવિવારે કયારેક ત્રણેય સાથે મળતાં તો એક જ વીડિયો કૉલિંગમાં તેઓ સરજુ સાથે વાત કરતાં. ચતુષ્કોણનો એક ખૂણો દૂર હોવા છતાં ટેકનોલોજીના ચમત્કારથી તેઓ એ ખૂણાને પાસે લાવતાં અને દિલથી લગાડતાં.. સરજુ હવે તો ભણવામાં મગ્ન છે, પણ ડૉ. જીજ્ઞેશ એને નવરાત્રીમાં ઘરે બોલાવવાનાં છે, યસ, સરજુને એના હોમ ટાઉનની નવરાત્રી મિસ ન જ કરવા દેવાય એવું એ માને છે...

ડૉ. જીજ્ઞેશ દીકરીના ફિલોસોફર પીતા છે. આજના છાપામાં જ એમના મિત્રની ગઝલની લાઇન એમને એમની દીકરી સરજુને ફોનમાં સંભળાવી... 'કોઇ નહીં આપે તને સાથ એવું માનીને ચાલ, અહીં બધાં પોતાનામાં મશગુલ છે. જિંદગીની એક સોનેરી શિખામણ છે, તારે જ પડવાનું અને તારે જ સંભાળવાનું છે.'

દીકરી હોવાથી અને એને એકલી બહાર ભણવા ન મોકલાય જેવાં વિચારોથી ઉપર ઉઠીને આ પ્રેમના પારિવારિક ચતુષ્કોણે દીકરીના ઉજ્જવળ ભવિષ્ય માટે ફોરન એજ્યુકેશન માટે ફ્રી મેન્ટાલિટી બતાવી કેટલીયે દીકરીઓ અને એના પરિવારને નવાં વિચારોનું ભાથું આપ્યું છે...

ચૂંટલો :

દીકરીના ભવિષ્ય માટે પોતાના સ્વપ્ન, ઇચ્છા, આકાંક્ષા બાજુએ મુકી એના પર વિશ્વાસ મુકી એના પ્રયત્નોની પાંખ પર ઉડવા દેવાની મુક્તતા સાથે જે પ્લેટફોર્મ આપ્યું છે જે બદલાતા યુગ સાથે બદલાયેલી વિચારસરણીને આભારી છે.

# બુદ્ધિની એ વિશેષતા છે કે તે ઉંમરની સાથે ઘટતી નથી પણ વધે છે, જયારે શારીરિક સૌંદર્ય નિરંતર ઘટતું જાય છે

## નવાં કલેવર

- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

એ તો હું પણ જાણું છું કે જો ઈશ્વરે તને તીવ્ર બુદ્ધિ આપી ન હોય તો કદાચ એ મારી સાથે વાત કરવાનું પણ પસંદ ન કરત. તેથી જ તો હું ઈશ્વરે આપેલ આ ગુણનો ભરપૂર ઉપયોગ કરું છું.

બુદ્ધિની એ વિશેષતા છે કે તે ઉંમરની સાથે ઘટતી નથી પણ વધે છે. જયારે શારીરિક સૌંદર્ય નિરંતર ઘટતું જાય છે.

એવી ઘણી બધી વાતો જાળ સાથે કરતો કરતો હું રાજેશ્વરના ઘેર પહોંચી ગયો. મને આજ રસ્તો બહુ ટૂંકો લાગી રહ્યો હતો.

લગભગ એક મહિનો પુરો થવા આવ્યો હતો. કોણ જાણે કેમ હું આજે પણ રાજેશ્વરની વાત ને ભૂલી શકતો નથી. મેં મનોમન નક્કી કર્યું કે આ વખતે ટ્યુશનના પૈસા મળે તેમાંથી સૌથી પહેલાં હું મારા માટે કપડાં શીવડાવીશ. અને નવાં બુટ ખરીદીશ. મને એમ લાગતું હતું કે ઓછામાં ઓછા એક જોડી તો એવાં કપડાં હોવા જોઈએ જેને પહેરવાથી મારો આત્મવિશ્વાસ વધે, લોકો મને દયાની નજરે ન જૂએ અને કોઈ મને બિચારો ન કહે.

મહેનત તો હું પહેલાં પણ કરતો હતો. પણ સાંજ સુધીમાં થાકીને લોથ થઈ જતો હતો. પણ હમણાંથી મારા જીવનમાં એક પરિવર્તન આવી રહ્યું હતું. હું અત્યારે મારી જાતને ઉત્સાહથી ભરપૂર અનુભવતો હતો. થાકને તો જાણે કે ભૂલી જ ગયો હતો. જો કે આજકાલ મેં એક વધુ ટ્યુશનનો બોજ માથે લીધો હતો.

હવે હું દરરોજ રાત્રે વહેલી સવાર પડે તેની રાહ જોતો હતો જયારે પહેલાં અવસાદની સ્થિતિમાં વિચારતો કે રાત થોડી લાંબી હોય તો સારું, જેથી હું વધુવાર સુધી સૂઈ શકું.

એક માસ કયાં વીતી ગયો તેની ખબર જ ન પડી. આખો મહિનો થઈ ગયો તેની વાતની ખબર મને ત્યારે પડી કે જયારે એક સવારે રાજેશ્વરની મા એ મને પાંચસો રૂપિયાની નોટ અને એક બેગ આપી. મને કપડાંની બેગ પકડાવતાં તેમણે કહ્યું. 'હું રાજ માટે કપડાં લેવા ગયેલો, ત્યાં મને તારું ધ્યાન પડ્યું, એટલે વિચાર્યું કે તારા માટે પણ થોડા કપડાં લઈ લઉં.' કેમ બરાબરને?'

તેમની આત્મીયતા જોઈને મારી આંખો ભરાઈ ગઈ અને ઈચ્છવા છતાં પણ તેમણે આપેલ ભેટ લેવાનો ઈન્કાર કરી ન શક્યો.

'જી, આન્ટી,' કહી મેં તેમને ચરણ સ્પર્શ કર્યો, મારા માથા પર હાથ ફેરવતાં તેમને મને આશીર્વાદ આપ્યા. મને મનમાં થયું હતું કે હું તેમને ભેટી પડીને ખુબ રોઉં.

ભાવાતિરેકમાં રૂદન સુખદ અનુભૂતિ હોય છે. આજ પહેલીવાર એવું બન્યું કે કોઈને મારી જરૂરિયાતનો ખ્યાલ આવ્યો. કોઈ મારા માટે ઉપહાર લાવ્યું અને કોઈએ આટલા સ્નેહની મારા માથે હથ ફેરવી મને આશીર્વાદ આપ્યા.

મારી પોતાની માં એ પણ કોઈ વાર મને આ રીતે લાડ કર્યા હોય એવું યાદ નથી. તેનું કારણ પિતાજીનું મૃત્યુ હતું કે પછી બાળકોની જવાબદારી, એ મને ખબર નથી. જયારથી હું સમજણો થયો ત્યારથી માંના વહેવારમાં એક અજબ પ્રકારના રૂખાપણાનો મેં અનુભવ કર્યો છે. કયારેક કયારેક તો મને એવું લાગતું કે જો હું દર મહિને ઘરમાં રૂપિયા લાવીને નહીં આપું તો કદાચ મને ઘરમાંથી કાઢી મૂકશે.

તે દિવસે કોણ જાણે હું કેવું... કેવું... વિચારતો રહ્યો. મને એ સમજ પડતી નહોતી કે આ દયાની ભીખ છે કે મારા કામથી ખુશ થઈ આપેલી ભેટ. મારી અંદર અંતર્દ્વંદ્વ ચાલતો રહ્યો. છેવટે સ્નેહનો વિજય થયો. મને યાદ આવ્યું કે આમ પણ તે મને રોજ નાસ્તો કર્યા વિના જવા દેતા નહીં.

એક દિવસ તેમને મને રોકીને કહેલું કે 'શિવ, તું જયારે સવારમાં નાસ્તો, કર્યા વિના જતો રહે છે તો મને એમ લાગે છે કે જાણે ઠાકોરજી ભૂખ્યા છે, બેટા, જો કોઈ પ્રેમથી ખવડાવતું હોય તો ખાઈ લેવું. તેને ઈશ્વરનો પ્રસાદ સમજવો.'

તે દિવસથી પછી કયારેક હું તેમના ઘરેથી નાસ્તો કર્યા વિના નીકળ્યો નથી. પણ ઈચ્છા થવા છતાં કયારેક એટલો અધિકાર પણ જતાવી શક્યો નથી કે હું તેમને માં કહીને બોલાવી શકું. જો કે હું મનોમન રાજનીમાં ને મારી માં માનવા લાગ્યો હતો.

એક માં જ પોતાના બાળકને સવાર સવારમાં ભૂખ્યા પેટે ઘરની બહાર જવા દેતી નથી. જો રાજની માં ને હૃદયમાં મારા પ્રત્યે આત્મીયતા ન હોત અને માત્ર દેખાડો હોત તો મને ચ્હા સાથે ફરસાણ કે બિસ્કીટ ખવડાવી દેત. પોતાના હાથે પરોંઠા બનાવીને શું કામ ખળડાવે? તેમનાં આ વહેવારને કારણે મને વિશ્વાસ થઈ ગયેલો કે ગયા જન્મમાં જરૂર એ મારી માં હશે. તેથી જ આ જન્મે પણ ઈશ્વરે અમારો મેળાપ કરાવી આપ્યો છે.

એક દિવસની વાત છે. હું રાજની માં એ આપેલ કપડાં પહેરીને તેનાં ઘેર ગયેલો. તે દિવસે પહેલીવાર મોહિનીએ મને કહયું, 'સર, આજે તમે ખુબ જ સરસ લાગો છો.' તેનાં મોં એ મારા વખાણ સાંભળી મને બહુ સારું લાગ્યું, જાણે કે જીવનમાં પહેલીવાર ઉમંગ અનુભવ્યો. કદાચ તેનું કારણ એ પણ હતું કે જીવનમાં પહેલીવાર એક છોકરીએ મારાં વખાણ કર્યા હતા. મને તો એની ધારણા જ નહોતી. મને સમજાતું નહોતું કે હું તેનો શું જવાબ આપું. તેથી મેં વાત બદલતાં તેને પુછ્યું, 'હું તને ભણાવું છું એ બધું સમજાય છે.'

'તમે ભણાવો છો એ ન સમજાતું હોત તો મમ્મા તમને ગીફ્ટ શું કામ આપત? એમ કહેતાં તેણે શરમથી ઝુકેલી પાંપણો ઊંચી કરી મને પ્રશ્ન કર્યો.'

મને ખબર નથી કે એની આંખોમાં એવું તે શું હતું કે તેને હું ત્યારથી એક પળ માટે પણ ભૂલી શક્યો નથી.

મને આજે પણ યાદ છે કે મારા પિરિયડ પુરા થઈ જવા છતાં હું મોહિનીને જોઈ ન લઉં ત્યાં સુધી ઘરે જતો નહીં. આ ક્રમ મારી કોલેજનો અભ્યાસ પુરો થયો તે પછી પણ નિરંતર ચાલતો રહ્યો. જયાં સુધી હું એ શહેરમાં રહ્યો ત્યાં સુધી. જે દિવસે તે મને જોવા ન મળે તે દિવસ ઉદાસીનતામાં વીવતો.

આ મારી જીંદગીનો એવો સમય હતો કે જયારે હું દુનિયાની તમામ સુખ-સુવિધાઓ મેળવી શકતો હતો. મોટેભાગે આપણાં સુખ બીજાં પર આશ્રિત હોય છે. જેનાં કારણે તે મેળવવાં દુષ્કર બની જાય છે. ભૌતિક સુખસુવિધા તો આપણે પૈસાથી ખરીદી શકીએ છીએ. પણ આત્મીક ખુશી ધન-દોલતથી મેળવી શકાતી નથી. મારા જીવનની હર એક ખુશીઓ, ઉલ્લાસ અને ઉન્નતિ મોહિની પર નિર્ભર હતી. એ મારા જીવનનું કેન્દ્રબિંદુ બની ગઈ હતી.

તેથી જ તે દિવસે ફોન પર રાજેશ્વરે મોહિનીના લગ્નની વાત કરતાં હું જાણે કે ભાંગી પડ્યો. કેમ કે બહારથી મજબૂત દેખાતાં ઝાડ વાવાઝોડું આવતાં મોટેભાગે પડી જતાં હોય છે જયારે નમી જતાં લચીલાં વૃક્ષો અને વેલીઓ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે હું મારી જાતને રણનાં એવા ભાગમાં પડેલો અનુભવતો હતો જયાં તરસ્યા વ્યક્તિને દૂર દૂર સુધી સૂર્યના કિરણોથી ઊભા થયેલ આભાસને કારણે પાણી દેખાય જેને પામવાની લાલસામાં તે તેની પાછળ ભાગતો રહે.

રાજેશ્વરે મોહિનીના લગ્નનું નિમંત્રણ આપતાં કહેલું, 'તારો મોહિનીને આશીર્વાદ આપતા આવવાનું છે.'

'અનેક વર્ષો વીતી ગયાં. મારા અંતરમાં મોહિનીની છબી અને તેની સ્મૃતિઓ આજે પણ સજીવ છે. મારા દરેક શ્વાસ ઉચ્છવાસમાં હરપળ હું તેને મારી નજીક અનુભવું છું. કેમ કે એ મારા રોમ રોમમાં વસી છે. જયારે હું એકલો હોઉં છું એ મારી સાથે વાતો કરવા આવી જાય છે અને જયારે હું ઉદાસ હોઉ છું ત્યારે તે મને હસવા માટે પ્રેરિત કરે છે.'

હવે તો બસ એક જ અભિલાષા બાકી રહી છે કે જીવનમાં હું તેને કયાંક એકવાર મળું અને કહી શકું કે હું આજ પણ તારો છું. જેને હું મારી ન કરી શક્યો. મારા મનમાં સંસારમાં આજે પણ એ મારી છે અને સદાય મારી રહેશે. જેણે મને કયારેક પોતાનો માન્યો નથી.

# જીવનમાં સંબંધના સરવાળા અને બાદબાકી

## તમે જો ઢોળાયેલી સાકર સાફ કરી લો અથવા ભેગી કરી લો એટલે સ્વાર્થનાં બધાં સગાં વેરવિખેર થઇ જશે, ઘણી વાર સાકરને પણ ખબર હોય કે આ બધા ઠાઠમાઠ ગળપણ પડ્યું છે ત્યાં સુધી જ છે

## ગુલમહોર

- દિનેશ દેસાઇ

હિન્દી ફિલ્મનું બમ્બૈયા ગીત યાદ આવે છેઃ મતલબ નીકલ ગયા તો કોઈ જાનતે નહીં, ઈતના બદલ ગયે હૈ કિં પહચાનતે નહીં. જીવનમાં આ ગીતના સંજોગો જેવી પરિસ્થિતિ આપણામાંથી સહુ કોઈએ અનુભવી જ હોય. દરેક વ્યક્તિના સંબંધના તાર બીજી વ્યક્તિ સાથે મોટા ભાગે કોઈને કોઈ સ્વાર્થ, ગરજ, મતલબ, અપેક્ષાને લઈને જ જોડાયા હોય છે. જયારે સંબંધમાં સ્વાર્થ, ગરજ, મતલબ કે અપેક્ષા યા કામ પુરું થઈ જાય પછી સંબંધના દરિયામાં ઓટ આવવા માંડે છે.

એક જાણીતી ગુજરાતી કહેવત છે કે, સગાં સૌ સ્વાર્થનાં... ગુજરાતી કહેવતો અને રુઢિપ્રયોગો એ આપણી ભાષાની સમૃદ્ધિ છે. એમાં આપણા વડીલો-પૂર્વજોનો અનુભવવારસો -અનુભવવાણી છે. સગપણ કોઈ પણ હોય, એમાં સ્વાર્થ હોવાનો. એથી ઉલટું કોઈ પણ નામ વિનાના સંબંધમાં સ્વાર્થ ન જ હોય. જયાં તમે કોઈ પાસે કશુંક મેળવવા માટે સંબંધ રાખ્યો જ ન હોય એટલે એમાં સ્વાર્થ નહીં જ આવે. સગાં સૌ સ્વાર્થનાં આ કહેવતને ટાઈટલ તરીકે લઈને ગુજરાતી ફિલ્મ અને નાટક પણ બન્યાં છે.

ચીની ભાષામાં પણ આવી જ એક કહેવત છે કે વૃક્ષ પાસે બધા ફળની લાલચથી જ આવે છે અને થોરની નજીક જવાનું કોઈ પસંદ પણ કરતું નથી. આપણી સામાજિક વ્યવસ્થામાં પણ આ વાત આપણને જોવા યા અનુભવવા મળતી હોય છે. ચીની ભાષામાં એમ પણ કહ્યું છે કે સાકર હોય ત્યાં જ બધા કીડા-મકોડા ઉભરાતા હોય છે. તમે જો ઢોળાયેલી સાકર સાફ કરી લો અથવા ભેગી કરી લો એટલે સ્વાર્થનાં બધાં જ સગાં વેરવિખેર થઈ જશે. ઘણી વાર સાકરને પણ ખબર હોય કે આ બધા ઠાઠમાઠ ગળપણ પડ્યું છે ત્યાં સુધી જ છે.

અમદાવાદના નરેશભાઈની વાત કરીએ. શહેરના સારા વિસ્તારમાં મોકળાશભર્યું ઘર અને નોકર-ચાકર. આથી શહેરના સ્વજનો અને મિત્રો અવારનવાર મહેમાન બને. બહારગામથી પણ સ્વજનો અને મિત્રો માટે નરેશભાઈનું ઘર જાણે ગેસ્ટહાઉસ-અતિથિગૃહ. તેઓ મનમાં રાજી થાય કે ઘર ભર્યું ભર્યું લાગે છે. ઢળતી ઉંમરે નરેશભાઈ એકલા પડ્યા. દીકરા અને દીકરીએ પરણીને પોતાની નવી દુનિયા વસાવી લીધી. ઘરખર્ચમાં કાપ મૂકવો પડ્યો. બસ હવે એ જ સ્વજનો અને મિત્રો તેમના ઘરે ફરકતાં પણ નથી.

જીવનમાં સંબંધના સરવાળા અને બાદબાકી વિશે પણ વાત કરીએ. આપણા સૌનાં જીવનમાં આવા પ્રસંગ આવ્યા જ હોય કે જયારે આપણને એ વાતનો ખ્યાલ આવી જાય કે કોઈ પણ સંબંધમાં સ્વાર્થ નામનું તત્વ સ્થુળ યા સુક્ષ્મ રુપે સમાયેલું જ છે. નરેશભાઈ જેવા જ અનુભવ સૌને જીવનના કોઈને કોઈ તબક્કે થયા જ હોય કે જયારે સંબંધમાં ગળપણ હોય ત્યારે સૌ સ્વજનો ઉભરાતા રહે. તમારી પાસે ભૌતિક સુખ-સગવડો અને પૈસો ઘટવા માંડે યા ખતમ થવા માંડે ત્યારે સાચા સ્વજનનો ખરો પરિચય થવા માંડે છે. જેમ ગળપણ ઘટતું જાય એ પછી બધાં સગાં-વહાલાં વેરવિખેર થવા માંડે છે. બધા વિખેરાઈ જાય તે પછી પણ સાથે રહીને સાથ આપે તે જ સાચા સ્વજન અને મિત્ર. મુશ્કેલીના સમયમાં જ સ્વજન-મિત્રને ઓળખી-પારખી શકાય છે.

સ્ટોપરઃ- તમે રણ પાસે નંદનવનની અપેક્ષા રાખી શકો નહી. રણમાં મીઠી વીરડી તો કોઈક જ હોઈ શકે. રણના કણ-કણમાં વીરડી ક્યારેય મળી આવે નહી.

- મોરારિ બાપુ